| ઉમેદવારનો બેઠક નંબરઃ | |
|---|---|

| પ્રશ્નપુસ્તિકા સિરીઝ |
|---|
| M |

**ખાતાના વડાની કચેરીનું નામઃ કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝની કચેરી**

**સંવર્ગનું નામઃ જુનિયર સ્ટાફ ઓફિસર (વહીવટ) , વર્ગ – ૨**

**વિષયઃ સેવાકીય બાબતો ભાગ- ૧**

| પ્રશ્નપત્ર નંબર |
|---|
| 1 |

| પરીક્ષા તારીખ : ૨૦-૦૫-૨૦૨૫ | With Book |
|---|---|

**પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ થયા તારીખ : ૨૩-૦૫-૨૦૨૫**

**સમય : ૩ કલાક**

**કુલ ગુણઃ ૧૦૦**

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**** ઉમેદવારોને સૂચના ****

(1) આ કસોટીપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે અને આ પાના સહિત કુલ ૧૭ પાનાં છાપેલ છે. પ્રત્યેક પ્રશ્નો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકેઃ
ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?
(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી
(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે
જવાબવહી (OMR SHEET) માં
(A) ● (C) (D)
ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "B" છે. આથી "B" નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

(2) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર પરીક્ષા છોડી શકશે નહી અને અનિવાર્ય કારણોસર પરીક્ષા પૂર્ણ થયા પહેલાં ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવો હોય તો પોતાનું ઉત્તરપત્ર અન પ્રશ્નપત્ર પરત આપવાનું રહેશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર તથા અન્ય વિગતો સ્વચ્છ અક્ષરે લખવાની રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. કચેરી દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવેલ નથી.

(5) પ્રશ્નપત્ર તથા ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(6) ઉત્તરપત્ર (OMR SHEET) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની OMR Sheet (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(7) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસે માન્ય સાહિત્ય સિવાય અન્ય સાહિત્ય જેવું કે, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન જેવા અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(8) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(9) ઉમેદવારે વાદળી/કાળી બોલપેનથી જ ઉત્તરો લખવાના છે.અન્ય શાહી કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહીં. તથા સફેદ શાહી (વ્હાઈટ ઈન્ક) બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવામાં આવશે.**

001. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ નો કાયદો કોને લાગુ પડતો નથી?

(A) કોઈ લશ્કરી અદાલતને
(B) જમ્મુ અને કાશ્મીરને
(C) (A)અને (B)બંનેને
(D) ઉપરના પૈકી એક પણ નહીં.

002. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 હેઠળના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહીકયા ન્યાયાધીશ ચલાવી શકે?

(A) ફોજદારી કોર્ટના કોઇ પણ ન્યાયાધીશ
(B) ફોજદારી અધિનિયમ - 1973 હેઠળના મદદનીશ સેશન્સ ન્યાયાધીશ –
(C) કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારે કલમ-3 નીચે નીમેલ ખાસ ન્યાયાધીશ
(D) ફોજદારી કાર્યવાહી અધિનિયમ - 1973 હેઠળના કોઇ પણ ન્યાયાધીશ

003. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ માટે શું સાચું છે?

(A) જાહેર સેવકે આ કાયદા હેઠળ કરેલ ગુના સંબંધમાં તેની સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવા માટે પૂર્વ મંજૂરી જરૂરી છે.
(B) જાહેર સેવક કેન્દ્ર સરકારનો હોય કે રાજ્ય સરકારનો હોય તે પણ તેની સામે કાર્યવાહી કરવા કેન્દ્ર સરકારની મંજૂરી જરૂરી છે.
(C) આ કાયદો લાંચના ગુનાને લગતો હોઈ જાહેર સેવકની અટક કરતાં પહેલાં સક્ષમ અધિકારીની મંજૂરી જોઈએ નહીં.
(D) ઉપરોક્ત તમામ

004. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ હેઠળ “રાજ્ય સેવક” ની વ્યાખ્યા માટે નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?

(A) કેન્દ્રીય પ્રાંતિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપેલ કોઈ કોર્પોરેશન માંથી પગાર મેળવતી કોઈ વ્યક્તિ
(B) કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૬૧૭ માં વ્યાખ્યા કર્યા મુજબની કોઈ ખાનગી કંપનીની નોકરી કરતી અથવા તેમાંથી પગાર મેળવતી કોઈ વ્યક્તિ
(C) કોઈ યુનિવર્સિટીનાં કુલપતિ, પ્રોફેસર અથવા કર્મચારી હોય તેવી કોઈ વ્યક્તિ
(D) ન્યાય નિર્ણયનાં કાર્યો અદા કરવા માટે કાયદાથી સત્તા સોંપેલ હોય તેવી કોઈ વ્યક્તિ સહિત કોઈ પણ ન્યાયાધીશ

P.T.O.

005. ખાસ ન્યાયાધીશોની નિમણૂંક અંગે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ ની જોગવાઈઓ બાબતે નીચે જણાવેલ પૈકી કયું વિધાન બરાબર જણાતું નથી?

(A) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળનાં ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી માટે ન્યાયાધીશની નિમણૂંક સરકાર રાજ્યપત્ર (Gazette)માં જાહેરનામાં દ્વારા કરે છે.

(B) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલ ગુન્હા સિવાયનાં કોઈ પણ ગુન્હા કે જેમાં ફોજદારી કાર્યરીતિ – ૧૯૭૩ હેઠળ તેવા જ પ્રકારની ઈન્સાફી કાર્યવાહી કરી શકાય નહીં.

(C) જે વ્યક્તિ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ હેઠળ સેસન્સ ન્યાયાધીશ અથવા મદદનીશ સેસન્સ ન્યાયાધીશ રહી ચૂકી હોય તે સિવાયની વ્યક્તિ ખાસ ન્યાયાધીશ તરીકેની નિમણૂંક માટે લાયક ગણાશે નહીં.

(D) કોઈ નિર્દિષ્ટ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી માટે એક કરતાં વધારે ન્યાયાધીશ નિમાયેલ હોય ત્યારે સરકાર આ અર્થે નિર્દિષ્ટ કરે તે પૈકીના ખાસ ન્યાયધીશ આ કાર્યવાહી કરશે.

006. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ હેઠળ ગુન્હા અને શિક્ષા અંગે નીચે જણાવેલ જોગવાઈઓ પૈકી કઈ જોગવાઈઓ આ અધિનિયમને અનુરૂપ છે?

(A) હોદ્દાની રૂએ કરવાના કૃત્યના સંબંધમાં કાયદેસરનાં મહેનતાણાં સિવાય ગમે તે પ્રકારનું કોઈ પણ તોષણ બીજી વ્યક્તિ પાસેથી સ્વીકારે કે મેળવવાનો પ્રયત્ન કરે તે વ્યક્તિ ત્રણ વર્ષથી ઓછીનાં હોય તેટલી અને સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને દંડને પાત્ર થશે.

(B) રાજ્ય સેવક ઉપર લાંચ આપીને અથવા કાયદેસરનાં સાધનો દ્વારા લાગવગ કરવા માટે, લલચાવવા માટે કે બદલી માટે ગમે તે પ્રકારનું કોઈ પણ તોષણ કોઈ પણ વ્યક્તિ પાસેથી સ્વીકારે અથવા મેળવવાનો પ્રયત્ન કરે તે વ્યક્તિ સાત વર્ષ સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે.

(C) રાજ્ય સેવકે કરેલી કાર્યવાહીમાં કે કામકાજમાં સંબંધિત વ્યક્તિ પાસેથી અવેજ સિવાય કોઈ કિંમતી વસ્તુ સ્વીકારે અથવા મેળવવા કોશિશ કરે તે વ્યક્તિ સાત વર્ષ સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે.

(D) ઉપરોક્ત તમામ જોગવાઈઓ અધિનિયમને આધીન યોગ્ય છે.

007. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ- ૧૩ અનુસાર નીચે જણાવેલ વર્તનનાં કિસ્સામાં રાજ્ય સેવકે કયા કિસ્સામાં ગુનાહિત ગેરવર્તનનો ગુન્હો કર્યો કહેવાય નહીં ?

(A) રાજ્ય સેવક પોતાના કુટુંબ માટે બેન્ક લોન મેળવી મકાનની ખરીદી કરે.

(B) આવકનાં તેના જાણીતાં સાધનો સાથે અપ્રમાણસર એવી મિલ્કતનો સંતોષકારક હિસાબ આપી શકે નહી

(C) કોઈ વ્યક્તિ પાસેથી પોતાનાં માટે અથવા અન્ય વ્યક્તિ માટે કાયદેસરનાં મહેનતાણાં સિવયનું કોઈ પણ તોષણ સ્વીકારે અથવા મેળવવા પ્રયત્ન કરે.

(D) રાજ્ય સેવકના સરકારી કાર્યો સાથે સંકળાયેલ કોઈ પણ વ્યક્તિ પાસેથી પૂરતો અવેજ આપ્યા વિના કિંમતી વ્યક્તિ વસ્તુ લે અથવા મેળવવાની કોશિશ કરે.

P.T.O.

008. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનાહિત ગેરવર્તન (**Criminal Misconduct**) બાબતે કઇ કલમમાં જોગવાઇ કરાઇ છે?

(A) કલમ – 12
(B) કલમ - 7
(C) કલમ – 13
(D) કલમ – 14

009. નીચેના પૈકી કયું વિધાન કે વિધાનો સાચા છે?

1. લાંચ આપનાર અને લેનાર બંને સરખા ગુનેગાર છે. લાંચ આપનાર વ્યક્તિ સામે પણ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 હેઠળ કાર્યવાહીથઇ શકે.

2. લાંચ આપનાર, સરકારી અધિકારીને તેની સામેની કાર્યવાહીમાં એવું કથન કર્યુ હોય કે પોતે, તે રાજ્ય સેવકને (કાયદેસરના મહેનતાણા સિવાય) કોઈ તોષણ અથવા કિંમતી વસ્તુ આપવાની તૈયારી અથવા આપવાની સંમતિ બતાવી હતી તો, તેની સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - 1988 હેઠળ કાર્યવાહી થઇ શકે નહીં.

(A) વિધાન (1)સાચું છે (2)ખોટું છે.
(B) વિધાન (1)ખોટું છે (2)સાચું છે
(C) વિધાન (1)અને (2)બંને સાચા છે.
(D) વિધાન (1)અને (2)બંને ખોટા છે.

010. આઉટ સોર્સિંગ કોન્ટ્રાક્ટ સેવાનો પટાવાળો, એક વ્યક્તિ પાસેથી તેનું કામ કરાવી આપવા બદલ રૂા. 10,000/- રકમની માંગણી કરે છે. તો તેની સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-1988 સામે કાર્યવાહી થઇ શકે?

(A) હા, આ અધિનિયમ હેઠળ કાર્યવાહી થઇ શકે.
(B) આ અધિનિયમ હેઠળ કાર્યવાહી થઇ શકે નહીં.
(C) સરકારની પૂર્વ-મંજૂરી લઇને તેમની સામે કાર્યવાહી થાય.
(D) કોર્ટની પરવાનગી લઇને તેની સામે કાર્યવાહી થઇ શકે.

011. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988ની જોગવાઇ મુજબ બેન્કરના ચોપડા તપાસવાની સત્તા કોને છે?

(A) પોલીસ સુપ્રિન્ટેડન્ટ
(B) પોલીસ ઈન્સપેક્ટર
(C) પોલીસ સુપ્રિન્ટેડન્ટ કરતા નીચલા દરજ્જાના અધિકારી દ્વારા ખાસ અધિકૃત કરેલ અધિકારી
(D) ઉપરના પૈકી એકપણ નહિ.

012. બિનરાજ્યપત્રિત સરકારી કર્મચારી સામે ફોજદારી કામ ચલાવવા માટે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 હેઠળ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ કોની મંજૂરી મેળવવી જોઇએ?

(A) રાજ્યપાલ
(B) સરકારના વહીવટી વિભાગ
(C) ગુજરાત તકેદારી આયોગ
(D) હોદ્દા પરથી દૂર કરી શકે તેવા સક્ષમસત્તાધિકારી

013. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 હેઠળ 'આવકના જાણીતા સાધનો' બાબતે કઇ કલમમાં જોગવાઇ કરાઇ છે?

(A) કલમ – 12
(B) કલમ - 7
(C) કલમ – 13
(D) કલમ – 14

P.T.O.

014. ગત નાણાંકીય વર્ષના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની કામગીરી પછીના નાણાંકીય વર્ષ દરમ્યાન તબકકાવાર રીતે પૂર્ણ કરવાનું સમયપત્રક કયા પરિશિષ્ટમાં દર્શાવેલ છે ?

(A) પરિશિષ્ટ - 1
(B) પરિશિષ્ટ - 2
(C) પરિશિષ્ટ - 3
(D) પરિશિષ્ટ - 4

015. રાજ્ય સરકારની PAR નવી પધ્ધતિ અન્વયે, કામગીરી મુલ્યાંકનની સમગ્ર પ્રક્રિયા જે -તે વર્ષે છેલ્લા માં છેલ્લી કઈ તારીખ સુધી પૂર્ણ કરવાની રહે?

(A) ૩૧ ઓગષ્ટ
(B) ૧૫ ઓગષ્ટ
(C) ૩૧ નવેમ્બર
(D) ૩૧ ડિસેમ્બર

016. રાજ્ય સરકારની PAR નવી પધ્ધતિ અન્વયે, કામગીરી મુલ્યાંકન અહેવાલ જે - તે અધિકારીના લોગીનમાં જનરેટ કરવાની જવાબદારી કોની રહે?

(A) અહેવાલ હેઠળનાં જે તે અધકારી/કર્મચારીની.
(B) મુલ્યાંકન કરનાર રીપોર્ટીંગ અધિકારીની
(C) રીવ્યુઈંગ અધિકારીની
(D) સંવર્ગ સંચાલક/ મહેકમ સંભાળતા અધિકારીની

017. કામગીરી મૂલ્યાંકન અહેવાલ ની નવી પધ્ધતિ અંતર્ગત રેફરલ બોર્ડ સામાન્ય સંજોગોમાં, અપીલ કરનારને સુનાવણીની કેટલી તક આપવાની રહેશે?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

018. રાજ્ય સરકારની PAR નવી પધ્ધતિ અન્વયે, વાર્ષિક કામગીરી મુલ્યાંકન અહેવાલમાં કેટલા ગુણથી ઓછા તેમજ વધુ ગુણ આપવા માટે, બંને કિસ્સામાં પેન પિક્ચર આપવું ફરજીયાત છે?

(A) ૮૦ થી ઓછા ૯૦ થી વધુ
(B) ૭૦ થી ઓછા ૯૦ થી વધુ
(C) ૬૦ થી ઓછા ૯૦ થી વધુ
(D) પેન પિક્ચર આપવું ફરજીયાત નથી.

019. કામગીરી મૂલ્યાંકન અહેવાલ ની નવી પધ્ધતિ અંતર્ગત સામાન્ય રીતે કામગીરી મૂલ્યાંકનનાં હેતુઓ માટે ઓનલાઈન ફોર્મમાં અલગ બીડાણની જોગવાઈ કરવામાં આવેલ નથી,રજૂઆત/રીપ્રેઝન્ટ /અપીલ કરનારને આ તબકકે બિડાણ અર્થે અલગ બીડાણ કેટલા પાનથી વધે નહીં તેટલી સુવિધા છે?

(A) ૫
(B) ૧૦
(C) ૧૫
(D) કોઈ મર્યાદા નથી.

020. રાજ્ય સરકારના અધિકારીએ, પોતાના PAR માં (પરિશિષ્ટ - 1) માં સ્વ-મૂલ્યાંકન કેટલા શબ્દોની મર્યાદામાં નિયત જગ્યાએ લખવાનું રહે છે?

(A) ૧૦૦ શબ્દો
(B) ૨૦૦ શબ્દો
(C) ૩૦૦ શબ્દો
(D) ૨૫૦ શબ્દો

021. સ્વમૂલ્યાંકન થયેલુ ન હોય અને લખનાર કે સમીક્ષા કરનાર અધિકારી દ્વારા પણ ગુણ આપવામાં આવેલ ન હોય તો, તે અધિકારીનું મૂલ્યાંકન શું ગણવું?

(A) સમગ્ર વર્ષનું પ્રમાણપત્ર મૂકવું

(B) આવા અધિકારનું મુલ્યાંકન 0 (શૂન્ય)ગણવું

(C) CCAએ ગુણ આપવાની કાર્યવાહી કરવાની રહેશે

(D) છેલ્લા પાંચ વર્ષની સરેરાશ ગણી, તે પ્રમાણે ગુણ આપવા

022. અહેવાલ હેઠળનાં અધિકારી PARની નિયત સમયમર્યાદામાં તબીબી કારણોસર,લાંબા ગાળાની રજાઓપર અથવા તાલીમ અર્થે બાહર/વિદેશ ગયેલ હોવાના કિસ્સામાં, સ્વમૂલ્યાંકનથયેલુન હોયઅને લખનાર કે સમીક્ષા કરનાર અધિકારી દ્વારા પણ સમીક્ષા થી શકેલ ન હોય તો તેવા કિસ્સામાં શું કરવું?

(A) નિયત સમયમાં PAR ઓનલાઈન માધ્યમથી ભરાઈ શકેલ ન હોય તો એવા સંજોગોમાં, ઓફ લાઈન કાર્યવાહી કરવી પડે.

(B) નિયત સમયમાં PAR ઓનલાઈન માધ્યમથી ભરવામાં આવેલ ન હોય તો, સામાન્ય વહીવટ વિભાગની મંજૂરી મેળવી ઓફ લાઈન PAR ભરી શકાય.

(C) મુલ્યાંકન પ્રક્રિયા પૂર્ણ કરી શકાય નહીં

(D) ખાનગી અહેવાલમાં વિરુધ્ધ નોંધ કરવી પડે.

023. રેફરલ બોર્ડ સમક્ષ કરવામાં આવેલ અપીલ સંબંધિત રેકર્ડ

(A) ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલની કસ્ટડીમાં રહેશે.

(B) સંબંધિત વિભાગની કે ખાતાના વડાની કસ્ટડીમાં રહેશે .

(C) સામાન્ય વહીવટ વિભાગની કસ્ટડીમાં રહેશે.

(D) સુનાવણી પૂર્ણ થતા, હુકમ બાદ રેકર્ડનો નાશ કરવાનો રહેશે.

024. સરકારી કર્મચારીના PAR માં વિરુધ્ધ નોંધ ગણવાનું જણાવેલ હોય તો પ્રથમ શું કરવું જોઈએ ?

(A) ફક્ત તેની કર્મચારીને જાણ કરાવી.

(B) કર્મચારીને ચેતવણી આપવી.

(C) કર્મચારીને જાણ કરવાની જરૂર નથી.

(D) કર્મચારીને તેની જાણ કરી, રજૂઆત કરવાની તક પૂરી પાડવી.

025. વર્ગ- ૧ અને વર્ગ – ૨ નાં અધિકારીનાં કામગીરી મૂલ્યાંકન અહેવાલ "સામાન્ય" મૂલ્યાંકન કેટલા ગુણને આધારે કરાય છે?

(A) ૩૫ થી ઓછા

(B) ૪૦ થી ઓછા

(C) ૫૫ થી ઓછા

(D) ૫૦ થી ઓછા

P.T.O.

026. રાજ્ય સરકારના ફરજ મોકૂફી હેઠળ મુકાયેલા અધિકારીના કિસ્સામાં કામગીરી મૂલ્યાંકન અહેવાલની કાર્યવાહી સંબંધમાં તેઓ શું ન કરી શકે ?

(A) તેઓ કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં સ્વમૂલ્યાંકન ન લખી શકે.

(B) તેઓની ફરજ મોકૂફી દરમ્યાન, તેમના નિયંત્રણ હેઠળના અધિકારી/કર્મચારીના પી.એ.આર.માં અહેવાલ લેખન ન કરી શકે.

(C) તેઓની ફરજ મોકૂફી દરમ્યાન, તેમના નિયંત્રણ હેઠળના અધિકારી/કર્મચારીના પી.એ.આર.માં સમીક્ષા લેખન ન કરી શકે.

(D) ઉપર (A), (B)અને (C)તમામ બાબતો ન કરી શકે.

027. વિધાનસભાના નિયમો અનુસાર અતારાંકિત પ્રશ્નો અંગે નીચેના પૈકી ક્યું વિધાન યોગ્ય જણાતું નથી?

(A) જે પ્રશ્નનો જવાબ લેખિત સ્વરૂપે રજૂ થાય છે, તેને અતારાંકિત પ્રશ્ન કહેવાય છે.

(B) અતારાંકિત પ્રશ્નનાં જવાબમાં પૂરક પ્રશ્નો પૂછી શકાય છે.

(C) અતારાંકિત પ્રશ્નનાં જવાબમાં પૂરક પ્રશ્નો પૂછી શકાતા નથી.

(D) અતારાંકિત પ્રશ્નનાં જવાબમાં સામાન્ય રીતે વિસ્તૃત માહિતી અપાય છે.

028. વિધાનસભામાં કાયદો બનાવવાની કામગીરી અંગે નીચે જણાવેલ વિધાનો પૈકી કયું વિધાન યોગ્ય જણાતું નથી?

(A) વિધેયક એક ગૃહમાં ત્રણ વાંચનમાંથી પસાર થાય પછી તેને રાજ્યપાલશ્રીને મોકલવામાં આવે છે.

(B) બીજા ગૃહમાં પણ ત્રણ વાંચનમાંથી પસાર થયેથી વિધેયક બંન્ને ગૃહમાં પસાર થયેલ ગણાય છે.

(C) ગૃહમાં પસાર થયેથી વિધેયક કાયદો બને છે.

(D) ઉપરનાં (B)અને (C)બંને યોગ્ય નથી.

029. વિધાનસભા ગૃહ, સમિતિના કે ગુજરાત વિધાનસભા સચિવાલયના દસ્તાવેજો કોના હવાલે રહેશે ?

(A) રાજ્યપાલ (B) મુખ્ય સચિવ

(C) વિધાનસભાના સચિવ (D) કાયદા સચિવ

030. સભ્ય એક દિવસની બેઠકમાં વધુ માં વધુ કેટલા તારાંકિત પ્રશ્નો પૂછી શકે?

(A) અધ્યક્ષ નક્કી કરે તેટલા (B) 2

(C) 3 (D) કોઈ મર્યાદા નથી.

031. વિધાનસભા નીચે જણાવેલ પૈકી કયા પ્રશ્નો પૂછવામાં આવતો નથી?

(A) તારાંકિત પ્રશ્નો (B) અતારાંકિત પ્રશ્નો

(C) લાંબી મુદતના પ્રશ્નો (D) ટૂંકી મુદતના પ્રશ્નો

P.T.O.

032. વિધાનસભાનાં નિયમોની જોગવાઈ અનુસાર તારાંકિત પ્રશ્ન અંગે નીચે જણાવેલ પૈકી કઈ જોગવાઈ લાગુ પડતી નથી?

(A) કયો પ્રશ્ન તારાંકિત ગણવો કે અતારાંકિત ગણવો તેનો અધિકાર પ્રશ્ન પૂછનાર ધારાસભ્યને હોય છે.

(B) પ્રશ્નને તારાંકિત ગણવો કે અતારાંકિત ગણવો તેની સત્તા અધ્યક્ષશ્રીની છે.

(C) તારાંકિત પ્રશ્નોના જવાબ જે તે ખાતાનાં મંત્રીશ્રી મૌખિક રીતે આપે છે.

(D) તારાંકિત પ્રશ્નના જવાબ બાદ પૂરક પ્રશ્નો પૂછી શકાય છે.

033. વિધાનસભાની બેઠકમાં (ઝીરો અવર્સ)પ્રથમ કલાક શાના માટે રાખવામાં આવે છે?

(A) પ્રથમ કલાકમાં મુખ્યમંત્રીશ્રી સભ્યોને યોજનાની વિગતો અને કામગીરીની રૂપરેખા સમજાવે છે.

(B) વિધાનસભાની બેઠકનો પ્રથમ કલાક સામાન્ય રીતે પ્રશ્નોત્તરી કલાક તરીકે ઓળખવામાં આવે છે.

(C) વિધાનસભાનાં પ્રથમ કલાકમાં સામાન્ય રીતે સચિવશ્રી આગળના દિવસે થયેલ કામગીરીનું વિવરણ આપે છે.

(D) પ્રથમ કલાકમાં નાણાંમંત્રીશ્રી અંદાજપત્રીય જોગવાઈઓ અને ખર્ચની વિગતો જણાવે છે.

034. સભાગૃહની બેઠક દરમિયાન કોઈ પણ વખતે સભાગૃહના કુલ સભ્યોના ......... સભ્યો કરતાં ઓછા સભ્યો જો હાજર હોય તો ચેતવણી આપતી ઘંટડી ................ સુધી વગાડવી અને તેટલો સમયપૂર્ણ થતાં પણ જો જરૂરી સંખ્યામાં સભ્યો હાજર ન હોય તો અધ્યક્ષ સભાગૃહની બેઠક ..................... સુધી સ્થગિત કરશે.

(A) એક તૃતીયાંશ, દસ મિનિટ, અનિશ્ચિત મુદત

(B) એક દશાંશ, પાંચ મિનિટ, ગણપૂર્તિ થાય ત્યાં સુધી

(C) એક ચતુર્થાંશ, સાત મિનિટ, નિશ્ચિત મુદત

(D) એક પંચમાંશ, બાર મિનિટ, બેઠક મુલતવી રાખશે.

035. વિધેયકનાં લોકમત બાદ રજુ કરવામાં આવતી પ્રવર સમિતિમાં કેટલા સભ્યો હોય છે?

(A) બાર

(B) દસ

(C) સભાગૃહ નક્કી કરે તેટલા

(D) પંદર

036. વિધાનસભાની સમિતિની બેઠક માટે ગણપૂર્તિની સંખ્યા સમિતિના સભ્યોની કુલ સંખ્યાના કેટલા ભાગ જેટલી રહેશે ?

(A) એક તૃતીયાંશ

(B) એક ચતુર્થાંશ

(C) એક પંચમાંશ

(D) એક દશાંશ

037. કોઈપણ માગણી પાછળ રહેલી નીતિ પ્રત્યેના નાખુશી દર્શાવવા માગણીને કેટલી રકમ સુધી ઘટાડી નાખવામાં આવે?

(A) રૂપિયા એક સુધી

(B) રૂપિયા 100 સુધી

(C) રૂપિયા 1000 સુધી

(D) રૂપિયા 1,00,000 સુધી

038. કોઈ પણ બાબત પર એક સમાન મત પડે તે પ્રસંગે, કોણ નિર્ણાયક અથવા બીજો મત આપી શકે?

(A) રાજ્યપાલ

(B) મુખ્ય સચિવ

(C) વિધાનસભાના સચિવ

(D) પ્રમુખ અથવા પ્રમુખ તરીકે કામ કરતી વ્યક્તિ

P.T.O.

039. વિધાનસભા કામકાજનાં નિયમોને સુસંગત રહીને અથવા સભાગૃહનાં કામકાજનું નિયમન કરતી બંધારણની કલમોના ઉલ્લંઘન ને કારણે સભાગૃહમાં વ્યવસ્થા ખોરવાય ત્યારે સભ્ય દ્વારા ઉઠાવવામાંઆવતી બાબત એટેલે?

(A) ગીલોટીન
(B) ક્લોઝર
(C) પોઈન્ટઓફ ઓર્ડર
(D) સેન્સર

040. નીચે માંથી કઈ સમિતિમાં કાયદા મંત્રીશ્રી સભ્ય હોય છે ?

(A) અંદાજ સમિતિ
(B) પ્રવર સમિતિ
(C) નિયમો માટેની સમિતિ
(D) ગૌણ વિધાન સમિતિ

041. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન)નિયમો 2002ની જોગવાઇ મુજબ ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં કુટુંબને કેટલા વર્ષ સુધી ઉંચા દરે કુટુંબ પેન્શન મળવાપાત્ર છે?

(A) 10 વર્ષ
(B) 07 વર્ષ
(C) 05 વર્ષ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

042. કર્મચારી/અધિકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ કેટલા સમય સુધી સામાન્ય ભાડા (ફ્લેટ રેટ)ના દરથી સરકારી આવાસ ચાલુ રાખી શકશે?

(A) 6 માસ
(B) 3 માસ
(C) 9 માસ
(D) 12 માસ

043. એક વર્ષથી વધુ નોકરી થઇ હોય તેવા હંગામી કર્મચારીએ નોકરીમાંથી રાજીનામું આપવા કેટલા સમયની નોટિસ આપવી પડે?

(A) ત્રણ માસની
(B) બે માસની
(C) એક માસની
(D) એક અઠવાડિયાની

044. ધારણાધિકાર પ્રાપ્ત ક્યારે ન થાય ?

(A) કાયમી જગા પર કાયમી કર્મચારીની નિમણૂંક
(B) હંગામી જગા પર કાયમી કર્મચારીની નિમણૂંક
(C) હંગામી જગા પર હંગામી કર્મચારીની નિમણૂંક
(D) ઉપરના (B)અને (C)બંને સંજોગોમાં

045. જ્યારે જન્મના વર્ષની જાણ હોય, પરંતુ ચોક્કસ જન્મ તારીખની જાણ ન હોય ત્યારે કઇ તારીખ જન્મ તારીખ તરીકે ગણવી ?

(A) જે -તે માસની 1 લી તારીખ
(B) જે -તે માસની 16મી તારીખ
(C) 1 લી જૂન
(D) 1 લી જુલાઇ

P.T.O.

046. કર્મચારીની સ્વૈચ્છિક નિવૃત્ત થવાની પરવાનગીના હુકમો કરતા પહેલા સક્ષમ સત્તાધિકારીએ કોના દ્વારા કર્મચારીએ કરેલ પેન્શનપાત્ર નોકરીની ખરાઇ કરાવવાની રહે છે ?

(A) હિસાબ અને તિજોરી નિયામક

(B) સંબંધિત ખાતાના વડા

(C) પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક

(D) સંબંધિત વહીવટી વિભાગ

047. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન)નિયમો 2002 મુજબ સાતમા પગાર પંચ મુજબ ઓછામાં ઓછું કેટલું માસિક પેન્શન મળવાપાત્ર થાય ?

(A) રૂ. 3500

(B) રૂ. 5000

(C) રૂ. 1275

(D) રૂ. 9000

048. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારીત ભથ્થાં) નિયમો 2002 અન્વયે કેટલા દિવસની રજા દરમ્યાન ઘર ભાડા ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થુ પુરા દરે મળવાપાત્ર થાય છે.?

(A) 60 દિવસ

(B) 90 દિવસ

(C) 180 દિવસ

(D) 360 દિવસ

049. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારીત ભથ્થાં) નિયમો 2002 અન્વયે સાતમા પગાર પંચ મુજબ તબીબી અધિકારીઓને કેટલા ટકા નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું મળવાપાત્ર થાય છે ?

(A) 25 ટકા

(B) 20 ટકા

(C) 15 ટકા

(D) ઉપરમાંથી એક પણ નહીં.

050. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં)નિયમો 2002 અન્વયે પ્રવાસ દરમ્યાન કર્મચારીને રહેવા અને જમવાનું નિઃશુલ્ક પુરૂ પાડવામાં આવે તો મળવપાત્ર દરના કેટલા ટકા દૈનિક ભથ્થુંમળવાપાત્ર થાય ?

(A) 100 ટકા

(B) 25 ટકા

(C) 50 ટકા

(D) 33 ટકા

051. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા)નિયમો 2002 અન્વયે મુખ્ય મથક બહાર પ્રવાસ અથવા હંગામી બદલી વખતે 180 દિવસ પછીના દિવસો માટે (181 દિવસ થી)કેટલા ટકાના દરે દૈનિક ભથ્થુંમળવાપાત્ર થાય ?

(A) 100 ટકા

(B) 50 ટકા

(C) 25 ટકા

(D) મળવાપાત્ર નથી

052. અવર સેવા (FOREIGN SERVICE) અથવા રાજ્યેત્તર સેવા એટલે શું?

(A) જે કર્મચારીનો પગારનો ખર્ચ રાજ્ય સરકારનાં એકત્રિત ભંડોળમાંથી પડતો હોય તેવી સેવા

(B) જે કર્મચારીનો પગારનો ખર્ચ કેન્દ્ર સરકારનાં એકત્રિત ભંડોળમાંથી પડતો હોય તેવી સેવા

(C) જે કર્મચારીનો પગારનો ખર્ચ કેન્દ્ર કે રાજ્ય સરકારનાં એકત્રિત ભંડોળ સિવાયના ભંડોળમાંથી પડતો હોય તેવી સેવા

(D) જે કર્મચારીને માનદ વેતનનું ચૂકવણું થતું હોય તેવી સેવા

053. કર્મચારીની નિમણૂક ભરતી નિયમો અને સિનીયોરીટીને ધ્યાને લઈને બઢતી મળે તો ઉપલી જગ્યાના પગારની બાંધણી કેવી રીતે થાય?

(A) કર્મચારીને મળતો કાલ્પનિક ઈજાફો ઉમેર્યા પછી ઉપલી જગ્યાનાં પગારધોરણમાં પગાર નક્કી કરવો.

(B) કર્મચારીને મળતાં પગારમાં કાલ્પનિક ઈજાફો ઉમેર્યા પછી ઉપલા તબક્કે ઉપલી જગ્યાનાં પગારધોરણમાં પગાર નક્કી કરવો.

(C) કર્મચારીને મળતા પગાર ધોરણમાં મહત્તમ તબક્કે ઉપલી જગ્યાનાં પગારધોરણમાં પગાર નક્કી કરવો.

(D) મૂળ નીચલી જગ્યામાં મેળવતાં પગારનાં પછીના તબક્કે ઉપલી જગ્યાનાં પગારધોરણમાં તેનો પગાર નક્કી કરવો.

054. હાજર થવાનાં સમય દરમ્યાન ઘરભાડા ભથ્થું કયા દરે મળે?

(A) નવા મથકનાં પગારનાં દર મુજબ

(B) જૂના મથકનાં પગારનાં દર મુજબ

(C) કર્મચારીનાં વિકલ્પ મુજબ મળવાપાત્ર છે.

(D) ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી.

055. ફરજ ઉપર જોડવાનો સમય કેટલાં ભાગમાં ભોગવી શકાય છે?

(A) ચાર ભાગમાં

(B) ત્રણ ભાગમાં

(C) બે ભાગમાં

(D) એક જ ભાગમાં

056. નિર્વાહ ભથ્થાંમાંથી કઈ કપાત ફરજિયાત છે?

(A) સામાન્ય ભવિષ્ય નિધિ ફાળો

(B) આવકવેરો

(C) ભવિષ્ય નિધિ પેશગી

(D) સહકારી મંડળીની લેણી રકમ

057. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 અન્વયે બે કરતાં ઓછા હયાત બાળકો ધરાવતા પુરૂષ સરકારી કર્મચારીને કેટલી પિતૃત્વ રજા મળવાપાત્ર છે ?

(A) ૧૫ દિવસ

(B) ૩૦ દિવસ

(C) ૬૦ દિવસ

(D) ૨૦ દિવસ

058. નોકરીમાંથી રાજીનામું આપેલ કર્મચારીને જમા પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવા અંગે શું જોગવાઈ છે?

(A) જમા પ્રાપ્ત રજાની સિલક જેટલું

(B) જમા પ્રાપ્ત રજાની સિલકનાં અડધા હિસ્સા સમકક્ષ

(C) પ્રાપ્ત રજાનાં 30 ટકા સિલક જેટલું

(D) રજાનું રોકડમાં રૂપાંતર થઈ શકે નહીં.

P.T.O.

059. માનદ વેતનની ચૂકવણી કયા સ્ત્રોતમાંથી થાય છે?

(A) એકત્રિત ભંડોળ
(B) એકત્રિત ભંડોળ સિવાયનાં ભંડોળ
(C) આકસ્મિક નિધિ
(D) જાહેર ભંડોળ

060. નીચેનામાંથી કોનો સમાવેશ વળતર ભથ્થાંમાં થતો નથી?

(A) મુસાફરી ભથ્થું
(B) મોંઘવારી ભથ્થું
(C) ઘરભાડા ભથ્થું
(D) નોન-પ્રેક્ટીસિંગ એલાઉન્સ

061. કયા સંજોગોમાં સરકારી કર્મચારી પાસેથી અધિકૃત ભોગવટાનાં ભાડા કરતાં ઉંચા દરે ભાડું વસૂલ કરી શકાય?

(A) કર્મચારીની વિનંતીથી આવાસની કક્ષા કરતાં ઉંચી કક્ષાનું આવાસ ફાળવવામાં આવ્યું હોય ત્યારે
(B) ફાળવેલ આવાસ વગર પરવાનગીએ પેટા ભાડે આપેલ હોય
(C) ફરજ ઉપર હાજર હોય ત્યારે જયાં રહેવું જરૂરી ના હોય ત્યારે
(D) ઉપરનાં બધાં જ કિસ્સામાં ઉંચા દરે ભાડું વસુલ કરી શકાય છે.

062. વહીવટી કારણોસર સળંગ કેટલા માસથી વધુ નોકરીમાં તૂટ હોય તો બિન પેન્શન પાત્ર ગણાય?

(A) ત્રણ માસ
(B) ચાર માસ
(C) છ માસ
(D) બાર માસ

063. ગેરવર્તનનાં કારણે નોકરીમાંથી છુટા થયેલા કર્મચારીને કયું પેન્શન મળી શકે?

(A) કોઈ પેન્શન મળવાપાત્ર નથી.
(B) ખાસ કિસ્સા તરીકે રહેમિયત પેન્શન મળી શકે.
(C) નિવૃત્તિ પેન્શન મળે.
(D) કામ ચલાઉ પેન્શન મળે.

064. પ્રસુતિની રજાનાં સાતત્યમાં વધુમાં વધુ અન્ય કોઈ પણ પ્રકારની રજા તબીબી પ્રમાણપત્ર વિના કેટલા દિવસની જોડી શકાય?

(A) ૬૦ દિવસ
(B) ૯૦ દિવસ
(C) ૧૨૦ દિવસ
(D) ૧૩૫ દિવસ

065. બે વર્ષની નોકરી કરેલ હંગામી કર્મચારીને કેટલી બિન- જમા રજા મળે?

(A) ૩૦ દિવસ
(B) ૬૦ દિવસ
(C) ૯૦ દિવસ
(D) બિન- જમા રજા ન મળે.

P.T.O.

066. અસાધારણ રજા ઉપર જનાર કર્મચારીને કેટલો રજા પગાર મળવાપાત્ર છે?

(A) રજા ઉપર જતાં જેટલો પગાર આકાર્યો હોય તેટલો પગાર મળે.

(B) પ્રાપ્ત રજા ઉપર હોય ત્યારે આકાર્યો હોય તેટલો પગાર મળે.

(C) અર્ધ પગારી રજા ઉપર હોય તેટલો પગાર મળે.

(D) કોઈ પણ રજા પગાર મળવાપાત્ર નથી.

067. ખાતાકીય તપાસ ચાલુ હોય તેવા કર્મચારીને નિવૃત્તિ પછી પેન્શન મળવા અંગે શું જોગવાઈ છે?

(A) કોઈ પણ પ્રકારનું પેન્શન મળે નહીં.

(B) ૫૦ ટકા પેન્શન મળે.

(C) ૭૫ ટકા પેન્શન મળે.

(D) કામચલાઉ પેન્શન મળે.

068. નિવૃત્તિ બાદ કર્મચારીનાં અવસાન કેસમાં કુટુંબ પેન્શન અંગે શું જોગવાઈ છે?

(A) છેલ્લે મેળવેલ પગારના ૩૦ ટકા પ્રમાણે કુટુંબ પેન્શન મળવાપાત્ર છે.

(B) છેલ્લે મેળવેલ પગારના ૪૦ ટકા પ્રમાણે કુટુંબ પેન્શન મળવાપાત્ર છે.

(C) છેલ્લે મેળવેલ પગારના ૬૦ ટકા પ્રમાણે કુટુંબ પેન્શન મળવાપાત્ર છે.

(D) કર્મચારીના અવસાનનાં ૭ વર્ષ અથવા સંબંધિત કર્મચારી ૬૫ વર્ષનાં થયા હોત તે બે માંથી જે વહેલું હોય તે તારીખ સુધી મૂળ પગારનાં ૫૦ ટકા અને ત્યારબાદ ૩૦ ટકા પ્રમાણે કુટુંબ પેન્શન મળવાપાત્ર છે.

069. રાજ્યપત્રિત (ગેઝેટેડ)અધિકારી ને કેટલા વર્ષ પછી સરકાર કોઈ પણ કારણ આપ્યા વિના અપરિપક્વ નિવૃત્ત કરી શકે છે?

(A) ૫૮ વર્ષ

(B) ૫૫ વર્ષ

(C) ૫૨ વર્ષ

(D) ૫૦ વર્ષ

070. કાયમી મુસાફરી ભથ્થું મેળવતાં કર્મચારી સરકારી વાહનનો ઉપયોગ કરે તો કાયમી મુસાફરી ભથ્થું કેવી રીતે મળવાપાત્ર છે?

(A) તે દિવસનું કાયમી મુસાફરી ભથ્થું પુરેપુરું મળે.

(B) તે દિવસનું કાયમી મુસાફરી ભથ્થું અડધું મળે.

(C) તે દિવસનું કાયમી મુસાફરી ભથ્થું ૨૫ ટકા મળે.

(D) તે દિવસનું કાયમી મુસાફરી ભથ્થું મળે નહીં.

071. પ્રવાસ દરમ્યાન ફક્ત રહેવાની સગવડ વિના મૂલ્યે મળી હોય તો દૈનિક ભથ્થું કયા દરે મળે?

(A) દૈનિક ભથ્થું ન મળે.

(B) ૭૫% દૈનિક ભથ્થું મળે.

(C) દૈનિક ભથ્થું ૫૦ % ટકા લેખે મળવાપાત્ર થાય.

(D) દૈનિક ભથ્થું ૨૫ % ટકા લેખે મળવાપાત્ર થાય.

072. ગુજરાત મુલ્કી સેવા (રજા)નિયમો 2002 અન્વયે સામાન્યત: એક અંગ્રેજી વર્ષ દરમ્યાન કેટલા થી વધુ પ્રસંગોએ સરકારી કર્મચારીની પ્રાપ્ત રજાઓ મંજુર કરવામાં આવશે નહીં ?

(A) 2 થી વધુ

(B) 6 થી વધુ

(C) 3 થી વધુ

(D) 8 થી વધુ

P.T.O.

073. જે -તે જગ્યાનો હવાલો સંભાળ્યા તારીખથી જે- તે જગ્યાના પગાર ભથ્થાં મળવાપાત્ર થાય તે જોગવાઇ ગુજરાત મુલ્કી સેવાના કયા નિયમો હેઠળ કરવામાં આવેલ છે ?

(A) પગાર
(B) પગાર આધારિત ભથ્થાં
(C) નોકરીની સામાન્ય શરતો
(D) પેન્શન

074. કર્મચારીનો કેટલો સમય સરકારના નિયમનને પાત્ર છે ?

(A) 10.30 વાગ્યાથી 6.10 સુધી
(B) 10.00 વાગ્યાથી 5.30 સુધી
(C) કર્મચારીનો બધો સમય સરકારના નિયમનપાત્ર ગણાશે.
(D) કર્મચારીનો જાહેર રજા સિવાયનો બધો સમય, સરકારના નિયમનપાત્ર ગણાશે.

075. ગુજરાત મુલ્કી સેવા (પગાર)નિયમો 2002ની જોગવાઇ અન્વયે કર્મચારીને બઢતી મળ્યાની તારીખથી કેટલા સમયમાં પગાર બાંધણીનો વિકલ્પ આપવાનો રહે છે ?

(A) 1 માસ
(B) 2 માસ
(C) 6 માસ
(D) 3 માસ

076. નીચેમાંથી કયા કિસ્સામાં ફરજ પર જોડાવાના સમય માટે રવિવારને દિવસ તરીકે ગણવામાં આવે છે?

(A) બદલી જાહેર હિતમાં અન્ય મથકે થઈ હોય
(B) બદલી જાહેર હિતમાં તે જ મથકે થઈ હોય
(C) બદલી જાહેર હિતમાં થઇ હોય પરંતુ કર્મચારી રહેઠાણ બદલતો ન હોય.
(D) ઉપરના (B)અને (C)બંને કિસ્સામાં

077. જાહેરહિતમાં અમદાવાદ થી ગાંધીનગર બદલી થયેલ કર્મચારી રહેઠાણ બદલતા નથી તો ફરજ પર જોડાવાનો સમય કેટલા દિવસ મળવાપાત્ર છે?

(A) એક દિવસ
(B) સાત દિવસ
(C) દસ દિવસ
(D) ન મળે

078. સ્થગિત ઇજાફા વધુમાં વધુ કેટલા મળે?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) કોઇ મર્યાદા નથી.

079. એક કર્મચારીનો જૂન માસનો મૂળ પગાર રૂપિયા 47600 છે જુલાઈનો ઇજાફાનો છોડતા મૂળ પગાર કેટલો થશે?

(A) રૂપિયા 49,028
(B) રૂપિયા 49,030
(C) રૂપિયા 49,000
(D) રૂપિયા 49,100

P.T.O.

080. સામાન્ય રીતે વર્ગ -3 ના કર્મચારી માટે અશકતતા પેન્શન માટે તબીબી પ્રમાણપત્ર પર સહી કરવાની સત્તા કોને છે ?

(A) તબીબી મંડળ
(B) સિવિલ સર્જન
(C) સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ
(D) તબીબી સેવાના અધિક નિયામક

081. નોકરીમાં કેટલા સમયની અસાધારણ રજા પેન્શન પાત્ર સેવા તરીકે ગણવામાં આવશે?

(A) ત્રણ માસ
(B) બાર માસ
(C) ચોવીસ માસ
(D) છત્રીસ માસ

082. અશક્તતા પેન્શન માટે ઓછામાં ઓછી કેટલા વર્ષની નોકરી ધ્યાને લેવાય ?

(A) 10 વર્ષ
(B) 20 વર્ષ
(C) 30 વર્ષ
(D) 33 વર્ષ

083. સરકારી આવાસના રહેણાંકનો ભોગવટો કરતા કર્મચારીને કેન્દ્ર સરકારની કચેરીમાં પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવે તો તેમની પાસેથી કયું ભાડુ વસુલ કરવાનું થાય ?

(A) ધોરણસરનું ભાડુ
(B) આર્થિક ભાડુ
(C) અધિકૃત ભોગવટાનું ભાડુ
(D) બજાર ભાડુ

084. કર્મચારી અસાધારણ રજા પર હોય તો તેને ઘરભાડા ભથ્થું કેટલા દિવસ મળે ?

(A) 100 દિવસ
(B) 120 દિવસ
(C) 180 દિવસ
(D) ન મળે

085. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો -2002 અન્વયે કોને મુસાફરી ભથ્થું મળવાપાત્ર નથી ?

(A) જે પૂર્ણ સમયની નોકરીમાં ન હોય.
(B) આકસ્મિક ખર્ચમાંથી જે પગાર લેતાં હોય.
(C) કોન્ટ્રાક્ટ થી કામે રાખેલ હોય.
(D) ઉપરોક્ત તમામ

086. તબીબી તપાસમાં નોકરી માટે અયોગ્ય જાહેર કરવામાં આવેલ હોય તેવા કર્મચારી એક માસમાં અપીલ ન કરે તો શું કરવું જોઇએ ?

(A) ખાતાના વડાને જાણ કરવી
(B) ફરીથી અપીલની તક આપવી
(C) તત્કાલ છૂટા કરવા
(D) છ માસ પછી છૂટા કરવા

087. એક કર્મચારીની સ્વ વિનંતિથી બદલી વડોદરા થી વલસાડ થાય છે ફરજ પર જોડાવાના સમયમાં વધુમાં વધુ કેટલા દિવસ મળી શકે ?

(A) એક દિવસ
(B) સાત દિવસ
(C) આઠ દિવસ
(D) ન મળે

088. એક કર્મચારી જેઓનો મૂળ પગાર રૂ. 75,000 હતો. તેઓને ફરજ મોકૂફી પર મૂકાતા તેઓનું નિર્વાહ ભથ્થુ કેટલું નક્કી થાય?

(A) રૂ. 18750
(B) રૂ. 37,500
(C) રૂ. 30,000
(D) રૂ. 45,000

089. કર્મચારી પેન્શનના મહત્તમ કેટલા ટકા મૂડીકૃત રૂપાંતર કરાવી શકે ?

(A) 20 ટકા
(B) 25 ટકા
(C) 33 ટકા
(D) 40 ટકા

090. કઇ રજા અન્ય પ્રકારની રજા સાથે જોડી ના શકાય ?

(A) જાહેર રજા
(B) પ્રાપ્ત રજા
(C) પ્રાસંગિક રજા
(D) વળતર રજા

091. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો -2002 અન્વયે સરકારી કર્મચારી/અધિકારીને મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઇટી(નિવૃત્તિ સમયે મળવાપાત્ર)તરીકે મંજુર કરવામાંઆવતીરકમકેટલા પગાર કરતા વધવી જોઇએ નહી ?

(A) 15 પગાર
(B) 16 પગાર
(C) 16.5 પગાર
(D) 33 પગાર

092. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા)નિયમો 2002 અન્વયે કયું પગાર ધોરણ મેળવનાર અધિકારી પોતાની વિવેકબુધ્ધિ મુજબ સરકારી પ્રવાસ અન્વયે હવાઇ મુસાફરી માટે પાત્રતાધરાવે છે?

(A) લેવલ-11 અને તેથી વધુ
(B) લેવલ-12 અને તેથી વધુ
(C) લેવલ-13 અને તેથી વધુ
(D) લેવલ-14 અને તેથી વધુ

093. ગુજરાત મુલ્કી સેવા (રજા)નિયમો -2002 અન્વયે સરકારી કર્મચારી/અધિકારીને તેની સમગ્ર નોકરી (ત્રીસ વર્ષ કે તેથી વધુ) દરમ્યાન એકંદરે વધુમાં વધુ કેટલી અસાધારણ રજામંજુર કરી શકાય ?

(A) 36 માસ
(B) 60 માસ
(C) 24 માસ
(D) 48 માસ

094. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો- 2002 અન્વયે નિમણૂંક આપનાર સત્તાધિકારીને લેખિતમાં કેટલા સમયની નોટીસ આપી રાજ્ય સરકારની નોકરીમાંથી (હંગામી કર્મચારીની1 વર્ષ સુધીની નોકરી હોય તો)ગમે તે સમયે રાજીનામું આપી શકશે ?

(A) 01 અઠવાડિયું
(B) 02 માસ
(C) 03 માસ
(D) 06 માસ

P.T.O.

095. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો 2002ની જોગવાઇ મુજબ સરકારી અધિકારી/કર્મચારી 20 વર્ષની પેન્શનપાત્ર સેવા પુરી કરી નિવૃત્તિના કેટલા માસ અગાઉ નિમણૂંકસત્તાધિકારીને લેખિતમાં નોટીસ આપી નોકરીમાંથી નિવૃત્તિ થઇ શકશે ?

(A) 01 માસ
(B) 02 માસ
(C) 03 માસ
(D) 06 માસ

096. ફરજ મોકુફી દરમ્યાન નીચેનાં પૈકી શુ મળવાપાત્ર છે ?

(A) પગાર
(B) પગાર અને પગાર આધારિત મોંઘવારી ભથ્થું
(C) પગાર અને અન્ય તમામ ભથ્થાં
(D) નિર્વાહ ભથ્થું અને તેના આધારિત નિયમોનુસાર ભથ્થાં

097. નીચેના પૈકી કયો સમયગાળો ઇજાફાપાત્ર ગણાતો નથી ?

(A) પ્રાપ્ત રજા
(B) અસાધારણ રજા
(C) અર્ધપગારી રજા
(D) ઉપર પૈકી એક પણ નહીં

098. ગુજરાત મુલ્કી સેવા નિયમો - 2002 કોના દ્વારા બહાર પાડવામાં આવેલ છે ?

(A) સામાન્ય વહીવટ વિભાગ
(B) નાણાં વિભાગ
(C) ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

099. ગુજરાત મુલ્કી સેવા નિયમો –2002 કયારથી અમલમાં આવેલ છે ?

(A) 15મી નવેમ્બર 2002
(B) 15મી ડિસેમ્બર 2002
(C) 12મી નવેમ્બર 2002
(D) 12મી ડિસેમ્બર 2002

100. સરકારી કર્મચારીને સમગ્ર નોકરી દરમિયાન મહત્તમ કેટલી પ્રાપ્ત રજા જમા થઈ શકે ?

(A) 360
(B) 300
(C) 240
(D) 180